પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૪૯, કુલ પાના:૪, તારીખ: ૧૫-૦૬-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 249 PRICE :-RS. 1.50 DATE : 15-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મે મહિનાનો જથ્થાબંધ ફુગાવો ૧૨.૯૪ ટકાની સર્વોચ્ચ સપાટીએ

# મોદી હૈ તો મુમકીન હૈ: મોંઘવારી રેકોર્ડ બ્રેક સ્તરે



ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારને મેમાં જથ્થાબંધ મોંઘવારીના મોર્ચે મોટો ઝટકો લાગ્યો છે. મે મહિનામાં જથ્થાબંધ મોંઘવારીનો દર એપ્રિલના ૧૦.૪૯ ટકાથી વધીને ૧૨.૯૪ ટકા થયો છે. ક્રૂડ ઓઈલ અને મેન્યુફેક્ચરિંગ ગુડ્સની કિંમતોમાં થયેલા વધારાને કારણે જથ્થાબંધ ફુગાવામાં આ ઉછાળો જોવા મળ્યો છે. બીજી તરફ લો બેઝ ઈફેક્ટને કારણે પણ મે ૨૦૨૧માં જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે હોલસેલ ઈન્ફલેશન પ્રાઈસ ઈન્ડેક્સમાં રેકોર્ડ તેજી જોવા મળી છે. મે ૨૦૨૦માં આ દર -૩.૩૭ ટકા રહ્યો હતો. મે સતત પાંચમો મહિનો રહ્યો છે જ્યારે જથ્થાબંધ મોંઘવારી દર આધારિત ફુગાવામાં વધારો જોવા મળ્યો છે.

વાણિજ્ય તેમજ ઉદ્યોગ મંત્રાલયે કહ્યું કે, મે ૨૦૨૧માં ઊંચા મોંઘવારી દરનું મુખ્ય કારણ લો બેઝ ઈફેક્ટની સાથે ક્રૂડ પેટ્રોલિય, મિનરલ ઓઈલ, પેટ્રોલ, ડીઝલ, નેપ્થા, ફર્નેસ ઓઈલ વગેરે અને મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સની કિંમતોમાં આવેલી તેજીથી મે ૨૦૨૧માં મોંઘવારી દરમાં ખુબ વૃદ્ધિ નોંધાઈ છે.

મહિનાના આધાર પર મેમાં ખાદ્યાન્ન જથ્થાબંધ મોંઘવારી એપ્રિલના ૭.૫૮ ટકાથી વધીને ૮.૧૧ ટકા પર પહી છે. તો ફ્યૂલ અને પાવર મોંઘવારી માર્ચના ૨૦.૯૪ ટકાથી વધીને ૩૭.૬૧ ટકા પર આવી ગઈ છે. મેમાં દાળોની મોંઘવારી દરમાં વધારો જોવા મળ્યો છે અને તે એપ્રિલના ૧૦.૭૪ ટકાથી વધીને ૧૨.૦૯ ટકા પર આવી ગયો છે. તો ડુંગળીની મોંઘવારી એપ્રિલના -૧૯.૭૨ ટકાની સરખામણીમાં ૨૩.૨૪ ટકા પર રહી છે.

બટાટાનો જથ્થાબંધ મોંઘવારી દર માર્ચના -૩૦.૪૪ ટકાની સરખામણીમાં -૨૭.૯ ટકા પર રહ્યો છે જ્યારે મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો જથ્થાબંધ મોંઘવારી દર એપ્રિલના ૯.૦૧ ટકાથી વધીને ૧૦.૮૩ ટકા પર આવી ગયો છે. એપ્રિલમાં પ્રાયમરી આર્ટિકલ્સની જથ્થાબંધ મોંઘવારી એપ્રિલના ૧૦.૧૬ ટકાથી ઘટીને ૯.૬૧ ટકા રહી છે. તો શાકભાજીની જથ્થાબંધ મોંઘવારી એપ્રિલના -૯.૦૩ ટકાની સરખામણીમાં -૯ ટકા પર રહી છે.

મેમાં દૂધની મોંઘવારી એપ્રિલના ૨.૦૪ ટકાથી વધીને ૨.૫૧ ટકા પર રહી છે. તો ઈંડા,માંસ, માછલી મોંઘવારી એપ્રિલના ૧૦.૮૮ ટકાની સરખાણીમાં ૧૦.૭૩ ટકા પર રહી છે.

### કોરોના સંકટ વચ્ચે આમઆદમીને ડબલ માર: તેલ-દાળ-શાકભાજી-કઠોળ બધુ જ મોંઘુદાટ, ૧ વર્ષમાં કરિયાણુ ૪૦ ટકા મોંઘુ થયું, ખાદ્ય તેલના ભાવ ૫૦ ટકા વધ્યા

## કોરોનાની ત્રીજી લહેર માટે રૂપાણી સરકારે એક્શન પ્લાન જાહેર કર્યો



ગાંધીનગર,

કોરોના મહામારીએ આખા વિશ્વને ઘમરોળ્યું સાથે જ દેશ અને ગુજરાતમાં પણ આ વાયરસે ભયાનક તાંડવ મચાવ્યું હતું. કોરોના વાયરસની બીજી લહેર દરમિયાન તો ગુજરાતની સ્થિતિ ખુબ જ વણસી હતી. ગુજરાતમાં કોરોના વાયરસની બીજી લહેરમાં લોકોના ટપોટપ મોત થયા હતા અને શહેરોના સ્મશાનોમાં તો અંતિમ સંસ્કાર માટે લાંબી લાઈનો લાગી હતી. આ દ્રશ્યો જોઈ લોકો સરકારી અધિકારીઓ પર રોષે પણ ભરાયા હતા પરંતુ હવે ગુજરાત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે અને કોરોના વાયરસની સંભવિત લહેરને લઈ રાજ્ય સરકારે એક્શન પ્લાન બનાવી લીધો છે.

આજે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના વાયરસની સંભવિત ત્રીજી વેવને લઈ પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને જણાવ્યું હતું કે, સરકારે કોરોનાની ત્રીજી વેવને લઈ એક્શન પ્લાન બનાવ્યો છે. સાથે જ 'ટેસ્ટિંગ, ઓક્સિજન અને હોસ્પિટલની વ્યવસ્થાની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, ગુપજરાતમાં રોજના ૨૫,૦૦૦ કેસ આવે તો તેને પહોંચી વળવા માટે પણ સરકારે તૈયારીઓ કરી લીધી છે. રાજ્યમાં ૨,૫૦,૦૦૦ એક્ટીવ કેસ હોય ત્યાં સુધીની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરી લેવામાં આવી છે. રાજ્ય સરકાર કોરોનાની સંભવિત લહેરને પહોંચી વળવા માટે ૧,૧૦,૧૦૦ ઓક્સિજન બેડ, ૩૦,૦૦૦ ICU બેડ અને ૧૫,૦૦૦ વેન્ટિલેટર બેડ તૈયાર રાખાશે. સાથે જ બાળકને ધ્યાને રાખી ૪૦૦૦ પીડિયાટ્રિક પણ બેડ તૈયાર રાખવામાં આવ્યા છે.

બાળકો માટે ચાઈલ્ડ ફ્રેન્ડલી વોર્ડ માટે ડોક્ટર સ્ટાફને ટ્રેનિંગ અપાશે. સાથે જ કોરોના વાયરસની બીજી લહેર દરમિયાન દોઢથી બે ગણા સ્ટાફની જરૂર પડી હતી તે માટે સ્ટાફની ભરતી પણ રાજ્ય કરશે. આ માટે રાજ્ય કક્ષાનું સર્વેલન્સ બનાવીને તમામ જિલ્લામાં વોચ રાખવામાં આવશે. કોરોના વાયરસની બીજી લહેર દરમિયાન એમ્બ્યુલન્સને લઈ લોકોને પડેલી મુશ્કેલીને ધ્યાનમાં રાખી સંભવિત ત્રીજી લહેર માટે દરેક એમ્બ્યુલન્સ કન્ટ્રોલ રૂમ સાથે કનેક્ટ કરવામાં આવશે. જેથી લોકોને મુશ્કેલીનો સામનો કરવો ના પડે અને લોકોને દર્દીઓની ઓનલાઈન માહિતી મળી શકે તેવી વ્યવસ્થા કરાશે. સાથે જ દરેક જિલ્લાની હોસ્પિટલમાં CT સ્કેનની વ્યવસ્થા કરાશે. ઓક્સિજનની જરૂરિયાત માટે નવા પ્લાન્ટ બનાવવાનું શરુ કરી દેવામા આવ્યું છે. ઓક્સિજનની અછત ન રહે તે માટે બે વેવના અનુભવને આધારે તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. નવી એમ્બ્યુલન્સ ખરીદવાની જવાબદારી ૧૦૮ ને સોંપી દેવામાં આવી છે. દર્દીઓના સગાઓ ઓનલાઈન જોઈ શકશે કે પથારી ક્યાં ખાલી છે. દરેક દર્દીને ઘરની નજીકમાં જ પથારી મળી રહે તેવા પ્રયાસો હાથ ધરાશે.

## વડોદરામાં પિસ્તોલ અને ૨૫ કારતૂસ સાથે SOGએ એક શખ્સને દબોચ્યો



વડોદરા,

વડોદરા શહેરની વાઘોડિયા ચોકડી પાસે પિસ્તોલ અને ૨૫ જીવતા કારતૂસ સાથે એક યુવાનની શહેર એસઓજીએ ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આ યુવાન પિસ્તોલ અને કારતૂસ વેચવા માટે ફરી રહ્યો હતો, પરંતુ, તે પિસ્તોલ અને કારતૂસ વેચવામાં સફળ થાય તે પહેલાં પોલીસે દબોચી લીધો હતો.

વડોદરા શહેર એસઓજીને બાતમી મળી હતી કે, વાઘોડિયા ચોકડી પાસે સનમીલીન કોમ્પલેક્ષ પાસે બાઈક સાથે ઉભેલો અશોક ચોખેલાલ શર્મા (રહે, યમુનાનગર સોસાયટી, વારસિયા રિંગ રોડ, વડોદરા) પિસ્તોલ વેચવા માટે ફરી રહ્યો છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી અશોકને ઝડપી પાડ્યો હતો. પોલીસે તપાસ કરતાં તેના કમરના ભાગેથી પિસ્તોલ અને ખિસ્સામાંથી જીવતા ૨૫ કારતૂસ મળી આવ્યા હતા.

પોલીસે રૂપિયા ૨૦ હજારની કિંમત ધરાવતી પિસ્તોલ, રૂપિયા ૨૫૦૦ની કિંમતના ૨૫ નંગ કારતૂસ, મોબાઈલ ફોન તથા બાઈક સહિત ૭૭,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પાણીગેટ પોલીસે આરોપી વિરૂદ્ધ આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે નોંધનીય છે કે, આરોપીની પ્રાથમિક પૂછતાછમાં તેણે આ પિસ્તોલ અને કારતૂસ અઢી વર્ષ અગાઉ ઉત્તરપ્રદેશ ખાતે રહેતા અજાણ્યા વ્યક્તિ પાસેથી ૨૦ હજાર રૂપિયામાં ખરીદ્યા હોવાની કબૂલાત કરી હતી.

## કેડિલા બાળકો પર કોરોના રસી માટે ઈમરજન્સી માંગણી કરે તેવી શક્યતા

અમદાવાદ,

દેશભરમાં કોરોનાની બીજી લહેરની ગતિ ધીમી પડી ગઈ છે પરંતુ એક્સપર્ટસનું માનીએ તો આપણે આ વાયરસની ત્રીજી લહેરનો સામનો કરવો પડી શકે છે. કહેવાય છે કે કોરોનાની ત્રીજી લહેર બાળકોને ઝપટમાં લઈ શકે છે. તો બીજીબાજુ ૧૨ થી ૧૮ વર્ષના બાળકો પર કોવિડ રસીનું ટેસ્ટ કરી રહેલા ઝાયડસ કેડિલા ટૂંક સમયમાં જ ભારતના ડ્રગ કંટ્રોલર જનરલ પાસેથી પોતાની વેકસીન માટે ઈમરજન્સી મંજૂરીની માંગણી કરી શકે છે. રિપોર્ટ પ્રમાણે જો કેડિલાને આ ટેસ્ટની મંજૂરી મળી જાય છે તો આ દુનિયાની પહેલી DNA-plasmid કોવિડ વેકસીન હશે. તો સરકાર અને કંપનીના સૂત્રોએ પુષ્ટિ કરી કે અમદાવાદ સ્થિત ફર્મ લગભગ એક સપ્તાહમાં ડ્રગ રેગ્યુલેટરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરીની માંગણી કરી શકે છે. એક સરકારી અધિકારીએ કહ્યું કે કેડિલાની બાળકો પર પરીક્ષણવાળી રસી ટેસ્ટિંગના ત્રીજા તબક્કામાં પહોંચી ગયું છે. કંપની ટૂંક સમયમાં જ પોતાની રસી માટે EUAનું સર્ચ કરી શકે છે. કંપનીની તૈયારી પોતાની રસી માટે જૂન કે જુલાઈના અંત સુધીમાં ઈમરજન્સી ઉપયોગની મંજૂરી મળવાની સંભાવના છે. ZyCov-D અમદાવાદ સ્થિત Zydus-Cadila દ્વારા વિકસિત કરવામાં આવેલ વેકસીન છે. આ રસીમાં ખાસ એ છે કે આ માનવ કોશિકાઓને SARS-CoV-2 એન્ટીજન બનાવવા માટે એક ઈમ્યુન રિસપોન્સ પ્રાપ્ત કરવાનો નિર્દેશ આપવા માટે પ્લાસ્મિડ ડીએનએનો ઉપયોગ કરે છે. આથી આ વેકસીનને ૨-૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે સ્ટોર કરીને રાખી શકે છે જ્યારે ફાઈઝર-બાયોએનટેક વેકસીનને -૭૦ ડિગ્રી સેલ્સિયસ કે કમ સે કમ -૧૫ થી -૨૫ ડિગ્રી સેલ્સિયસ સુધી કોલ્ડ-ચેનમાં રાખવી જરૂરી છે.

## ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ત્રિ-પાંખીયો જંગ નક્કી

અમદાવાદ,

દિલ્હીના રાજકારણ થોડા વર્ષો પહેલાં પોતાનું કદ વધારનાર આમ આદમી પાર્ટી હવે ગુજરાતમાં પોતાની ઉપસ્થિતિ નોંધાવા માંગે છે. પહેલાં પણ પ્રયત્ન કર્યો હતો પરંતુ સફળતા હાથ લાગી ન હતી. હવે ફરી ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે આમ આદમી પાર્ટી પોતાની કિસ્મત અજમાવવા માટે તૈયાર છે. ત્યારે આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અરવિંદ કેજરીવાલના આગમન વખતે આપના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા અને પ્રભારી ગુલાબ યાદવ એરપોર્ટ પર પહોંચ્યા હતા.

તો આ તરફ જાણીતા પત્રકાર ઈસુદાન ગઢવી અરવિંદ કેજરીવાલને મળવા પહોંચ્યા હતા. ત્યારબાદ તેમની સાથે મિટિંગ મિટીંગનો દૌર ચાલ્યો હતો. ત્યારબાદ ગોપાલ ઈટાલિયાએ ઈશુદાન ગઢવીના આપમાં જોડાવવાની સત્તાવાર જાહેરાત કરી હતી. ગોપાલ ઈટાલિયાએ કહ્યું હતું કે ઈસુદાન ગઢવીના જોડાવવાથી પાર્ટી મજબૂત બનશે. અરવિંદ કેજરીવાલે ખેસ પહેરાવીને ઈસુદાન ગઢવીને આપમાં પ્રવેશ કરાવ્યો હતો.

પત્રકારત્વની એક લક્ષણ રેખા હોય છે: ઈસુદાન ગઢવી

ગુજરાતની મુલાકાતે આવેલા અરવિંદ કેજરીવાલે પત્રકાર પરિષદ સંબોધતાં કહ્યું હતું કે ગુજરાતના લોકોએ આઝાદીની લડાઈમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે અને અનેક નેતાઓ પણ આપ્યા છે. દેશ આઝાદ થયો ત્યારે અનેક પ્રાંતમાં વહેંચાયેલો હતો પરંતુ સરદાર પટેલે તેને અખંડ કર્યો હતો. જ્યારે કોઈની કારકિર્દી પૂર્ણ થાય ત્યારે તે રાજકારણમાં જોડાઈ તે સ્વાભાવિક છે પરંતુ જોઈ કોઈ પોતાની મધ્યાહને તપતી કારકિર્દી છોડીને રાજકારણમાં જોડાઈ તો સમજજો કે તે પ્રજા માટે જોડાઈ છે.

અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું હતું કે આમ આદમી પાર્ટી રાજયની તમામ ૧૮૨ સીટો પર ઉમેદવાર ઉભા રાખશે. ગુજરાતના લોકો પાસે પહેલાં વિકલ્પ ન હતો પરંતુ હવે ગુજરાતના લોકોને એક સક્ષમ વિકલ્પ મળશે. આમ આદમી પાર્ટી શિક્ષણ અને આરોગ્ય મુદ્દે ચૂંટણીના મેદાનમાં ઉતરશે. તેમણે કહ્યું કે દિલ્હી મોડલ ગુજરાત મોડલ ન હોઈ શકે, કારણ કે દરેક રાજ્યની અલગ-અલગ સમસ્યા હોય છે.

તેમણે ભાજપ અને કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે, કોંગ્રેસ ભાજપનાં ખિસ્સામાં છે. જ્યારે ભાજપને જરૂર પડી ત્યારે કોંગ્રેસે માલ સપ્લાય કર્યો છે.

તેમણે કહ્યું કે, ગુજરાતના ખેડૂતો આત્મહત્યા કરે છે, સરકારી સ્કૂલોની હાલત ખરાબ છે. અહીં ખેડૂતો અને વિદ્યાર્થીઓ પરેશાન છે. વેપારીઓ ભયમાં છે. ગુજરાતને કોરોના કાળમાં અનાથ છોડી દેવામાં આવ્યું હતું. ગુજરાતમાં યુવા બેરોજગાર, સારું શિક્ષણ નથી તેમજ સરકારી હોસ્પિટલ, સ્કૂલો ખરાબ છે. ગુજરાતનું મોડલ ગુજરાતમાં જ રહેશે. ગુજરાતના લોકો પોતાનું મોડલ ખુદ તૈયાર કરશે.

## મહારાષ્ટ્રમાં ૨૦૨૪ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડશે



મુંબઈ,

મહારાષ્ટ્ર સરકારમાં પોતાની હાજરીની અવગણના પર ઘણી વખત પ્રશ્નો કરી ચુકેલી કોંગ્રેસે આવતી વિધાનસભા ચૂંટણીમાં એકલા લડવાનો નિર્ણય કરી લીધો છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના ચીફ નાના પટોલે કહ્યું કે રાજ્યમાં હવે પાર્ટી એકલા ચૂંટણી લડશે. ત્યાર બાદ ફરી એક વખત મહારાષ્ટ્રમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. પટોલે સીએમ બનવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

નાના પટોલે કહ્યું કે, 'કોંગ્રેસ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડશે. અને જો હાઈકમાન્ડ નિર્ણય લે તો હું મુખ્યમંત્રીનો ચહેરો બનવા માટે તૈયાર છું'. પટોલના આ નિવેદન બાદ ફરી એક વખત સંકેત મળી રહ્યા છે કે રાજ્યની મહાવિકાસ અઘાડી સરકારમાં હાલ કંઈ સરખુ નથી ચાલી રહ્યું.

રાજ્યની ગઠબંધન સરકારમાં મુખ્ય ભુમિકા નિભાવી રહેલી એનસીપીએ કહ્યું કહ્યું હતું કે મહા વિકાસ અઘાડીના ત્રણેય ઘટક મહારાષ્ટ્ર સરકાર ચલાવવાના મુદ્દા પર એત્રીત થઈ છે પરંતુ વર્ષ ૨૦૨૪માં થવા જઈ રહેલી રાજ્ય વિધાનસભા અને લોકસભાની ચૂંટણી સાથે લડવા પર અત્યાર સુધી કોઈ નિર્ણય નથી કરવામાં આવ્યો.

રાકાંપાના પ્રવક્તા અને મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી નવાબ મલિકની આ ટિપ્પણી પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલે તે નિવેદનના એક દિવસ બાદની છે જેમાં તેમણે કહ્યું હતું કે આવનાર વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી બનીને આવશે. શનિવારે પટોલે અમરાવતીમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં કોંગ્રેસ રાજ્યમાં સૌથી મોટી પાર્ટી બનાને આગળ આવશે અને ફક્ત કોંગ્રેસની વિચારધારા જ દેશને બચાવી શકે છે. આ વચ્ચે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા નસીમ ખાને કહ્યું કે જો તેમની પાર્ટી એકલા હાથે ચૂંટણી લડશે તો તેમને તેનો ફાયદો થશે.

## યે આફત કબ રુકેગી: પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો યથાવત્



ન્યુ દિલ્હી,

એક દિવસની રાહત બાદ સરકારી તેલ કંપનીઓએ આજે ??ફરીથી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો કર્યો છે. સોમવારે પેટ્રોલનાં ભાવમાં પ્રતિ લિટર ૨૯ પૈસાનો વધારો થયો છે, જ્યારે ડીઝલની કિંમતમાં આજે ૩૦ પૈસાનો વધારો થયો છે. આ સિવાય આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની વધતી માંગને કારણે તેના દરોમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. ઈંધણનાં ભાવમાં વધારા બાદ આજે રાજધાનીમાં પેટ્રોલ ૯૬.૪૧ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે જ્યારે ડીઝલ ૮૭.૨૮ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે.

૪ મેથી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારો થયો ત્યારથી, ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યા છે. હમણાં સુધી, ૨૫ દિવસમાં ધીમે ધીમે વધારો થતા પેટ્રોલ ૬.૦૯ પ્રતિ લિટર મોંઘુ થઈ ગયું છે. વળી ડીઝલ ૨૫ દિવસમાં લિટર દીઠ ૬.૩૦ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ મુજબ, રાજધાની દિલ્હીમાં આજે એક લિટર પેટ્રોલની કિંમત ૯૬.૪૧ રૂપિયા છે અને ડીઝલની કિંમત ૮૭.૨૮ રૂપિયા છે. એ જ રીતે, મુંબઈમાં પેટ્રોલ રૂ.૧૦૨.૫૮ અને ડીઝલ ૯૪.૭૦ રૂપિયા, કોલકાતામાં રૂ. ૯૬.૩૪ અને ડીઝલ ૯૦.૧૨ રૂપિયા અને ચેન્નાઈમાં પેટ્રોલનો દર ૯૭.૬૯ રૂપિયા અને ડીઝલ ૯૧.૯૨ પર સ્થિર રહ્યુ.

મોંઘવારી, પેટ્રોલ અને ડીઝલનાં વધતા ભાવને લઈને કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે. છત્તીસગઢની રાજધાની રાયપુરમાં પણ મોંઘવારીનાં વિરુદ્ધમાં આંદોલન ચાલી રહ્યું છે. છેલ્લા ૮ દિવસથી અહીં એક અલગ પ્રકારનો વિરોધ નોંધવામાં આવી રહ્યો છે. આ આંદોલનમાં પેટ્રોલ પમ્પોનું ડમી બનાવીને રોડ રસ્તાઓ પર માત્ર ઉભુ રાખીને નહી પણ રસ્તા પર ચલાવીને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. જોઈને તમને પણ નવાઈ લાગશે. તેમા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર અને પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયા પાર થતા કટાક્ષ કરવામાં આવી રહ્યો છે. આ સમગ્ર આંદોલન કોંગ્રેસનાં નેતા વિનોદ તિવારીનાં નેતૃત્વ હેઠળ ચલાવવામાં આવી રહ્યો હતો.

આ સિવાય હૈદરાબાદ, મુંબઈ, જયપુર, ભોપાલ, શ્રી ગંગા નગર અને રેવા જેવા ઘણા શહેરોમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. અહીં પેટ્રોલની કિંમત ૩ અંકો પર પહોંચી ગઈ છે. આપને જણાવી દઈએ કે પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં રોજનો ફેરફાર સવારે ૬ વાગ્યે થાય છે. નવા દરો સવારે ૬ વાગ્યાથી લાગુ થાય છે. પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં એક્સાઈઝ ડ્યુટી, ડીલર કમિશન અને અન્ય વસ્તુઓ ઉમેર્યા પછી તેની કિંમત લગભગ બમણી થઈ જાય છે. વિદેશી વિનિમય દરની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનાં ભાવ કયા છે તેના આધારે રોજ પેટ્રોલ અને ડીઝલનાં ભાવ બદલાય છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મોહનીયા નરણભાઈ સુરેશભાઈ
મુ. આંબાકાચ-પટેલ ફળીયું, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ નરવતસિંહ ધીરસીંગભાઈ
મુ. ભોરવા, તા. ધાનપુર

### જાહેરાત
### શહેરા નગરપાલિકા, જી.પંચમહાલ

આથી રોજગાર વાંચ્છુ ઉમેદવારને જણાવવાનું કે શહેરા નગરપાલિકામાં સ્વચ્છ ભારત મિશનમાં હાલ સવચ્છ સર્વેક્ષણ ૨૦૨૧, સ્ટાર રેટિંગની કામગીરી માટે MIS PORTAL પર ઓનલાઈન તમામ ડેટા ભરવા માટે MIS માટે આ વિષયના જાણકાર નીચે જણાવેલ લાયકાત ધરાવતા MIS/IT EXPERT ની જરૂરિયાત છે. જે અંગે તા.૨૫/૦૬/૨૦૨૧ ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નગરપાલિકા કચેરીમાં ઈન્ટરવ્યું માટે રૂબરૂ હાજર રહેવું. સાથે ફોટા, શૈક્ષણિક, અનુભવનું પ્રમાણપત્ર અવશ્ય લાવવા.

| ક્રમ | જગ્યા | લાયકાત | સંખ્યા | ફિક્સ માસિક વેતન રૂા. |
|---|---|---|---|---|
| ૧ | MIS/IT EXPERT | MCA/COMPUTER ENG.(BE/B.TECH) B.E.IT/MSC-IT અને ૧ વર્ષનો અનુભવ | ૧ | રૂા.૧૫,૦૦૦/– ની મર્યાદામાં |

નોંધ :– અનુભવી ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(એ. એસ. પટેલ) ચીફ ઓફીસર નગરપાલિકા શહેરા
(વી. જી. પંચાલ) કારોબારી અધ્યક્ષ નગરપાલિકા શહેરા
(યુ. એન. નાયકા) પ્રમુખ નગરપાલિકા શહેરા

માહિતી/ગોધરા/૨૧૩/૨૦૨૧

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# રસમધુર આંબોળિયાએ મહીસાગર જિલ્લાનો પરંપરાગત જળવાયેલો મહેનતકશ ખેડૂતોને પૂરક આજીવિકા પૂરો પાડતો વ્યવસાય

લુણાવાડા, મનમોહક મહીસાગર જિલ્લો કુદરતી સંપદા અને સૌંદર્યથી ભરપૂર છે. ત્યારે તે તેની એક વધુ આગવી ઓળખથી જાણીતો થયો છે અને તે છે. કાચી કેરી માંથી બનાવેલ રસ મધુર આંબોળિયા. જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સહિત ખાનપુર, સંતરામપુર, વિરપુર,બાલાશિનોર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સુકવેલા અંબોળિયા ઘણા મોટા પ્રમાણમાં ખેડૂતો દ્વારા ગામે ગામે બનાવી તૈયાર કરવામાં આવે છે. દૂર દેશાવર સુધી આ વિસ્તારના આંબોળિયાની ખ્યાતિ પ્રસરેલી છે. કાચી કેરીને સૂકવીને આંબોળિયા અને સૂકવેલાં આંબોળિયા માંથી આમચૂર પાઉડર બનાવવામાં આવે છે જેનો ઊપયોગ દાળ-શાક તેમજ અન્ય વાનગીમાં ખટાશ તરીકે વાપરી વાનગીને રસ મધુર બનાવવા માટે થાય છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

આ પંથકના અંબોળિયા વખણાવાનું મુખ્ય કારણ એ પણ છે કે, આ પંથકમાં દેશી સુધાર્યા વગરની જાતોના આંબા વધુ પ્રમાણમાં છે. તેમાં ખટાશ વધુ હોય છે. તેમાંથી સૂકવી તૈયાર કરાયેલા આંબોળિયાની દેશભરમાં માંગ રહે છે. લુણાવાડાના વર્ષો અગાઉના મુખ્ય બજાર ગણાતા માંડવી તેમજ મધવાસ દરવાજા વિસ્તારની વ્યાપારી પેઢીઓ દ્વારા આંબોળિયાનો વહેપાર દેશભરમાં ફેલાયો હતો. અહીં ના સ્થાનિક વેપારીઓ સિઝનમાં મોટાપાયે અંબોળિયાની ખરીદી કરી દિલ્હી, કલકત્તા,અમૃતસર, અમદાવાદ, જયપુર, જોધપુર સહિતના દેશભરના વિવિધ બજારોમાં પહોંચાડે છે. નવાઈની વાત એ છે કે દિલ્હીના કરિયાણાના બજાર ગડોરીયા અને ખારીબાવલી માર્કેટમાં લુણાવાડાના આંબોળિયારાજધાની, ડબલ ગોલ્ડન, સિંગલ ગોલ્ડન બ્રાન્ડના બોર્ડ લાગે છે. આમ મહીસાગર જિલ્લાના કેરીના આંબોળીયા દેશભરમાં વખણાય છે.તેમ ઇબ્રાહિમ સુરતીની પેઢીના ઇકબાલ ભાઈ સુરતી,જણાવ્યું હતું.

આંબોળિયાના વ્યવસાય સાથે જોડાયેલા ગોધર(પ)ના ખેડૂત સાલમભાઈ બારીયા જણાવે છે કે, આ વ્યવસાય અમારાં બાપ દાદા વખત થી અમે કરીએ છીએ. ગ્રામ્ય વિસ્તારો માંથી કાચી કેરીની ખરીદી કરી અમે આંબોળિયા બનાવીએ છીએ આ સિઝન એક માસ ચાલે છે. જેમા સફેદ અને લાલ રંગના આંબોળિયા બને છે. આ સાલ ભાવ પણ સારો મળ્યો છે. આમ આ આંબોળિયાના વ્યવસાય થકી ખેતી સાથે પુરક રોજગારીનું સર્જન અમે કરીએ છીએ.

જિલ્લામાં કાચી કેરીમાંથી આંબોળિયા બનાવવામાં મુખ્યત્વે નાના ખેડૂતો દ્વારા ગામે ગામે આ વ્યવસાયને કરવામાં આવે છે. મુખ્યત્વે આંબોળિયાનો વહેપાર પહાડીયા, સરાડીયા, ગોધર, આંજણવા, ગંધારી સહિતના અનેક ગામોમાં કેરીને કાપીને તેની ચીરી કરી તેને સૂકવી બનાવાય છે. આંબોળિયા બનાવવા એક વિશેષ કળા છે. કેરીમાંથી સફેદ આંબોળિયા,અને લાલ આંબોળિયા બને છે. તે કેરી ઉપર આધાર રાખે છે. નાના ખેડૂતો અને ગ્રામજનોને તેમાંથી પુરક રોજી રોટી મળે છે.

જિલ્લો ખેતી આધારીત હોઇ લસણ,આદું, અને આંબોળિયા જેવા રોકડીયા પાકનો વહેપાર ગૃહ ઉદ્યોગ સમાન છે તેથી જ આ જિલ્લામાં ગૃહ ઉદ્યોગ માટે ઉજળી તકો રહેલી છે. આંબોળિયા નાના ખેડૂતો ઘરમાં બનાવે છે અને તેને જમીન ઉપર સુકવે છે. જેમ તેનો રંગ સફેદ હોય તેમ ભાવ વધારે આવે છે અંદાજીત એક કિલો આંબોળિયાનો ભાવ રૂપિયા ૧૦૦ થી ૧૭૦ જેટલો હોય છે. રસમધુર આંબોળિયા એ જિલ્લાનો પરંપરાગત જળવાયેલો મહેનતકશ ખેડૂતોને પૂરક આજીવિકા પૂરો પાડતો વ્યવસાય છે.

# સંતરામપુર તાલુકા પંચાયતમાં વનબંધુ યોજના બિયારણ કીટના ફોર્મ માટે લાંબી કતારો

સંતરામપુર, સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ બિયારણની કીટના ફોર્મ લેવા માટે સાત કલાક સુધી લાભાર્થીઓ ગરમીમાં શેકાયા સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં મહિસાગર જિલ્લા પ્રાયોજના અધિકારી કચેરી માંથી વન બંધુ કલ્યાણ યોજના હેઠળ બિયારણ ખાતર રાહત દરે આપવા માટે જાહેરાત કરવામાં આવેલું હતું અને તેનું ફોર્મ વિતરણ કરવામાં આવ્યું હતું, પરંતુ જિલ્લા પ્રાયોજના અધિકારી દ્વાર ફોર્મ વિતરણમાં આ વ્યવસ્થાના કારણે છેલ્લા બે દિવસથી અલગ અલગ ગામોમાંથી લાભાર્થીઓ પાછા ફરતા હોય છે અને આજે સવારના સાત કલાકથી બપોર સુધી ફોર્મનું વિતરણ ન થતા ગરમીમાં લોકો ફોર્મ લેવા માટે તડકામાં બેસી રહ્યા હતા. એક બાજુ સરકાર લાભાર્થીઓને લાભ પૂરતો મળે


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

તે માટે યોજના બહાર પાડતી હોય છે. જયારે બીજી બાજુ જિલ્લામાંથી અધિકારી આ વ્યવસ્થાના કારણે બેદરકારીના કારણે ગામડા લાભાર્થીઓને ભારે મુશ્કેલી વેઠવી પડતી હોય છે,પરંતુ સરકારની યોજના મુજબ સંતરામપુર તાલુકામાં સોળસો ૫૦ લાભાર્થીને જ આ યોજનાનો લાભ આપવાનો છે. તેની સામે ત્રણ હજાર ઉપરાંત ફોર્મ વિતરણ થઇ ચૂક્યું છે પૂરતી માહિતીના અભાવને કારણે સંતરામપુર તાલુકાના બીપીએલ કરતા અન્ય વ્યક્તિઓ એ લેવા માટે ઉમટી પડયા હતા જિલ્લામાંથી બપોર સુધી ફોર્મ આવી ના રહેતા સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખ રૂબરૂ જિલ્લા પ્રાયોજના અધિકારીની કચેરીમાંથી ફોર્મ દરેક લાભાર્થીને વિતરણ કરવામાં આવેલું પરંતુ આવા ટોળા અને ભીડ જોઈને ફરી સંક્રમણ વધે અને કોરોનાનું આમંત્રણ આપી રહ્યું છે. કોઈપણ પ્રકારનું સોશિયલ ડિસ્ટન્સનું પાલન ન કરવામાં આવેલું હતું.

# ઈઝરાઈલમાં નેતન્યાહૂનું શાસન ખત્મ, બેનેટ બન્યા નવા વડાપ્રધાન

જેરુસલેમ, નફતાલી બેનેટે રવિવારે ઈઝરાયલના વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. આ સાથે જ ૧૨ વર્ષથી વડાપ્રધાન પદ સંભાળી રહેલા બેન્જામિન નેતન્યાહૂના કાર્યકાળનો અંત આવ્યો છે. સંસદમાં બહુમત મેળવ્યા બાદ દક્ષિણપંથી યામિના પાર્ટીના ૪૯ વર્ષીય નેતા બેનેટે રવિવારે શપથ ગ્રહણ કર્યા હતા. આ સાથે જ છેલ્લા ૨ વર્ષમાં ૪ વખત ચૂંટણી યોજાયા બાદ ઉત્પન્ન થયેલા રાજકીય સંકટનું પણ સમાધાન થઈ ગયું છે.

નવી સરકારની પૃષ્ટિ માટે ઈઝરાયલની સંસદ 'નેસેટ'માં ભારે હંગામો થયો હતો. સત્ર શરૂ થયું ત્યારે પીએમ નફતાલી બેનેટ સાથે ધક્કા મુક્કી



કરવામાં આવી હતી. તેમના ભાષણ દરમિયાન વિપક્ષી નેતાઓએ બૂમાબૂમ કરી હતી અને ગુનેગાર, જૂઠા વગેરે શબ્દોનો પ્રયોગ કર્યો હતો. નવી સરકારમાં સહયોગી પાર્ટીના નેતા લૈપિડે તો ભાષણ જ છોડી દીધું હતું અને ધક્કા મુક્કીની ઘટનાને લોકશાહી માટે શરમજનક ગણાવી હતી.

ઈઝરાયલની નવી સરકારમાં ૨૭ મંત્રીઓ છે જેમાંથી ૯ મહિલાઓ છે. ૧૨૦ સદસ્યો ધરાવતા સદનમાં બેનેટ ૬૧ સાંસદો સાથે મામૂલી બહુમત ધરાવતી સરકારનું નેતૃત્વ કરશે. સંસદમાં સંબોધન દરમિયાન બેનેટે પોતાની સરકારના મંત્રીઓના નામોની જાહેરાત કરી હતી અને તે સમયે ૭૧ વર્ષીય નેતન્યાહૂના સમર્થકોએ અડચણ પણ ઉભી કરી હતી. પ્રતિદ્વંદી પાર્ટીના સાંસદોના હોબાળા વચ્ચે બેનેટે તેઓ વિભિન્ન વિચાર ધરાવતા લોકો સાથે કામ કરી શકશે તેનો ગર્વ વ્યક્ત કર્યો હતો.

બેનેટે જણાવ્યું કે, આ નિર્ણાયક સમયે તેઓ આ જવાબદારી ઉઠાવી રહ્યા છે. આ સરકાર સિવાય બસ આ જ વિકલ્પ હતો કે વધુ ચૂંટણી કરાવવામાં આવે જેનાથી નફરત ફેલાતી અને દેશ પર અસર પડેત.

સત્તારૂઢ ગઠબંધનમાં સામેલ ૮ નાના-નાના દળ નેતન્યાહૂનો વિરોધ કરવા અને નવેસરથી ચૂંટણીના વિરોધમાં એકજૂથ તો થયા છે પરંતુ આ દળ બહુ ઓછા મુદ્દે આંતરિક સહમતિ ધરાવે છે. આ તરફ ભ્રષ્ટાચાર કેસમાં ફસાયેલા નેતન્યાહૂ હજુ પણ સંસદમાં સૌથી મોટી પાર્ટીના અધ્યક્ષ છે. તેઓ નવી સરકારનો પૂરજોશમાં વિરોધ કરશે. આ સંજોગોમાં જો સત્તારૂઢ ગઠબંધનમાં સામેલ એક પણ દળ પીછેહઠ કરશે તો નવી સરકાર પોતાની બહુમતી ગુમાવી દેશે અને સરકાર પડવાનું જોખમ સર્જાશે. જો તેમ બનશે તો નેતન્યાહૂને સત્તામાં પાછા ફરવાની તક મળી શકે છે. ઈઝરાયલની સંસદ 'નેસેટ'માં ૧૨૦ સદસ્ય છે. તેવામાં ઓછામાં ઓછા ૬૧ મતના બહુમતથી સરકાર બની જશે.

# ડેલ્ટા વેરિયન્ટ હવે વધુ ખતરનાક ડેલ્ટા+માં ફેરવાયો

ન્યુ દિલ્હી, કોરોનાની બીજી લહેરમાં દેશમાં કહેર વરસાવનાર ડેલ્ટા વેરિયેન્ટ હવે વધુ ખતરના ડેલ્ટા+માં બદલાઈ ગયો છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે કોરોના દર્દીઓને આપવામાં આવતી મોનોક્લોનલ એન્ટિબોડીઝ કોકટેલના આ વેરિયન્ટ પર અસર ન કરે એવી શક્યતા છે. મોનોક્લોન એન્ટિબોડીઝ કોકટેલને દેશમાં મેના પ્રારંભમાં ઈમર્જન્સી ઉપયોગની મંજૂરી મળી હતી. બ્રિટનની આરોગ્ય સંસ્થા પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ મુજબ ડેલ્ટા વેરિયન્ટના ૬૩ જિનોમ કે૪૧૭એન મ્યુટેશનની સાથે સામે આવ્યા છે. પીએચઈના જણાવ્યા મુજબ ડેલ્ટા વેરિયેન્ટમાં ફેરફારોની રૂટિન તપાસ દરમ્યાન ડેલ્ટા+ માલૂમ પડ્યા હતા. કોવિડ વેરિયેન્ટ્સ પર પીએચઈના તાજા અહેવાલ મુતબ ભારતમાં સાત જૂન સુધી ડેલ્ટા+ વેરિયેન્ટના છ કેસ સામે આવ્યા છે.

દિલ્હીની ઈન્સ્ટિટયૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઈન્ટિગ્રેટિવ બાયોલોજીના ડો. વિનોદ સ્કેરિયાનું કહેવું છે કે કે૪૧૭એન મ્યુટેશનને લઈને મુખ્ય ચિંતા એ છે કે એના એન્ટિબોડીઝ કોકટેલની સામે રેઝિસ્ટન્ટ હોવાના પુરાવા મળ્યા છે. તેમનું એ પણ કહેવું છે કે ભારતમાં કે૪૧૭એન મ્યુટેશનની ફીકવન્સી બહુ વધુ નથી.

મોનોક્લોનલ એન્ટિબોડીઝ કોકટેલ કેસિરિવિમિબ અને ઈમ્ડેવિમૈબથી બની છે. એને ફાર્મા કંપની સિપ્લા અને રોશ ઈન્ડિયાએ મળીને બનાવી છે. ભારતમાં એને કોરોનાની સારવારના ઈમર્જન્સી ઉપયોગ માટે મેમાં મંજૂરી મળી હતી.

# મહીસાગર જિલ્લામાં ૧૦ બાળલગ્નો અટકાવવામાં આવ્યા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં ગમે ત્યારે યોજાનાર લગ્નોમાં તંત્ર દ્વારા આકસ્મિક તપાસ કરવામાં આવે છે. આ તપાસ દરમિયાન છોકરીની ઉંમર ૧૮ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષ કરતાં ઓછી હોવાનું માલુમ પડયેથી કાયદાકીય રીતે ફરિયાદ દાખલ કરવામાં આવશે. જેની જિલ્લાના નાગરિકો તથા સમૂહલગ્નના આયોજકોને ખાસ નોંધ લેવા રાજય સરકાર અને મહીસાગર-લુણાવાડાના બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા અવાર-નવાર વિવિધ પ્રચાર-પ્રસારના માદયમો દ્વારા જણાવવામાં આવતું હોય છે.

મહીસાગર-લુણાવાડાના બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા આ બાળલગ્ન બાબતે લેખિત/મૌખિક ફરિયાદ જેઓ કરવા માંગતા હોય તેઓને મહીસાગર-લુણાવાડાની બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની કચેરીને ફોન નંબર-૦૨૬૭૪-૨૫૨૯૬૮ ઉપર, સ્થાનિક પોલીસ સ્ટેશન કે ચાઇલ્ડ હેલ્પલાઇન-૧૦૯૮ ઉપર લેખિત/મૌખિક જાણ કરવા પણ જણાવવામાં આવતું હતું.

જેના અનુસંધાને મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન વિવિધ પ્રકારે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-વ- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને ફરિયાદો મળી હતી.

આ માહિતીના આધારે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી, જિલ્લા બાળસુરક્ષા એકમ દ્વારા પોલીસ વિભાગને સાથે રાખીને જિલ્લામાં થતાં ૧૦ બાળલગ્નો અટકાવવામાં આવ્યા હતા.

આ અંગેની વધુ વિગતો આપતાં જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સુ રેણુકાબેન મેડાએ જણાવ્યું કે, ૧૮ વર્ષથી નીચેની છોકરી અને ૨૧ વર્ષથી નીચેના છોકરાના કોઈપણ પ્રકારે લગ્ન કરવા કે કરાવવામાં આવે તો તે કાયદેસર ગુન્હાને પાત્ર બને છે. જે બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ અન્વયે બે વર્ષની સજા અને એક લાખ સુધીના દંડની જોગવાઈ છે.

આવા બાળલગ્ન કરાવતાં કુટુંબોને જિલ્લા બાળ સુરક્ષા એકમના લીગલ કમ પ્રોબેશન ઓફિસર દ્વારા તમામને કાયદાકીય માહિતીની જાણકારી આપી બાળલગ્ન નહિ કરાવવા અંગે લેખિતમાં બાંહેધરી લેવામાં આવી હતી.

મહીસાગર જિલ્લામાં બાળલગ્ન થતાં અટકે તે માટે સમાજના તમામ લોકોમાં જાગૃતિ આવે અને સમાજના આગેવાનો આવા થતાં બાળલગ્નો અટકાવવામાં સહાયરૂપ થવા આવા બાળલગ્નોની જાણકારી એક જાગૃત નાગરિક તરીકે આપવા પુનઃ જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને, સ્થાનિક પોલીસ સ્ટેશને કે ચાઇલ્ડ હેલ્પલાઇન-૧૦૯૮ ઉપર જાણ કરવા જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી રેણુકાબેન મેડા અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નિરવભાઈ પંડયાએ એક સંયુકત યાદી દ્વારા જિલ્લાના નાગરિકોને અપીલ કરી છે. જેથી સમાજમાં થતાં આવા બાળલગ્નોને અટકાવી શકાય.

# મહીસાગરમાં પાલક માતા-પિતા યોજના અંતર્ગત ૬૪૨ લાભાર્થીઓને રૂા. ૨.૪૩ કરોડની સહાય ચુકવવામાં આવી

લુણાવાડા, રાજય સરકાર દ્વારા જન સામાન્યની સુખાકારી માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. રાજયના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા પાલક માતા-પિતા યોજના અમલી છે. આ યોજના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના બાળક કે જેમના માતા-પિતા અવસાન પામ્યા હોય અથવા જે બાળકના પિતા અવસાન પામ્યા હોય અને માતાએ બાળકોને ત્યજી પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકોને આ યોજનામાં આવરી લેવામાં આવે છે. આ યોજના હેઠળ આવા અનાથ બાળકોના સર્વાંગી અને સ્વસ્થ વિકાસ માટે પાલક વાલીને માસિક રૂા. ૩૦૦૦/- ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર મારફતે સીધા લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં સહાય ચૂકવવામાં આવે છે.

મહીસાગર જિલ્લામાં આ યોજના હેઠળ આણંદની જિલ્લા બાળ સુરક્ષા એકમની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં નોંધાયેલ ૬૪૨ લાભાર્થીઓને કુલ રૂા. ૨.૪૩ કરોડની સહાય ચૂકવવામાં આવી હોવાનું જયારે હાલમાં આ યોજનાનો ૬૨૭ બાળકો લાભ લઇ રહ્યા હોવાનું મહીસાગર-લુણાવાડાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સુ રેણુકાબેન મેડા અને યોજનાના નોડલ અધિકારી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નિરવભાઇ પંડયાએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

પંડયાએ વધુમાં જણાવ્યું કે, આ યોજનાનો લાભ લેવા માટે નિયત અરજીપત્રક સાથે પાલક વાલીનો આવકનો દાખલો ગ્રામ્ય કક્ષાએ રૂા. ૨૭,૦૦૦/- અને શહેરી કક્ષાએ રૂા. ૩૬,૦૦૦/- કે તેથી વધુનો મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/તલાટી-કમ-મંત્રીનો, બાળકના માતા-પિતા મરણના દાખલા તથા પિતાના મૃત્યુ બાદ માતાએ પુનઃલગ્ન કરેલ હોય તો તે અંગેના સરપંચનો પંચકયાસ અને સોગંદનામું રજૂ કરવાનું રહેશે. પાલક વાલીનો બાળક સથેનો ઓળખપત્ર તેમજ આધારકાર્ડની નકલ, બાળકનો જન્મનો દાખલો, અરજદારનો બાળક સાથેનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, શાળાના પરિણામપત્રો દર વર્ષે રજૂ કરવાના રહેશે. જયારે આંગણવાડીમાં જતા બાળકો માટે પ્રોગ્રામ ઓફિસર, સંકલિત બાળ વિકાસ યોજનાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

મહીસાગર જિલ્લાના નાગરિકો કે જેઓને કોઈપણ પરિવાર, સમાજ કે આસપાસમાં આવા અનાથ/નિરાધાર બાળકો હોય તો તેઓને આ યોજનાનો લાભ મળે તે હેતુસર મહીસાગર-લુણાવાડા ખાતે જિલ્લા સેવા સદનના બીજા માળે રૂમ નં. ૨૧૨માં આવેલ જિલલા બાળ સુરક્ષા એકમની કચેરીનો રૂબરૂ કે ફોન નંબર ૦૨૬૭૪-૨૫૦૫૩૧ ઉપર સંપર્ક કરીને જાણ કરવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નિરવભાઇ પંડયાએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

# દેશમાં પાછલા ૨૪ કલાકમાં ૭૦ હજાર નવા કેસ, ૩,૯૨૧ લોકોના મોત

ન્યુ દિલ્હી, ભારતમાં સતત સાત દિવસથી કોરોનાના નવા કેસનો આંકડો ઘટી રહ્યો છે અને આ આંકડો ૧ લાખની અંદર નોંધાઈ રહ્યો છે. આ સાથે પાછલા ૭૨ દિવસના સૌથી ઓછા કેસ નોંધાયા છે. આ પહેલા ૩૧ માર્ચના રોજ ૭૨,૩૩૦ નવા કેસ નોંધાયા હતા. ભારતમાં કોરોનાના કેસ ૪ લાખથી એક લાખની અંદર આવી ગયા પરંતુ મૃત્યુઆંક ૪૦૦૦ના આંકનો પીછો નથી છોડી રહ્યો. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૦,૪૨૧ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૩૯૨૧ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. ભારતમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે પરંતુ મૃત્યુઆંક ૨૦૦૦ની નજીક આવીને ફરી ૪૦૦૦ની પાસે પહોંચી જતા હજુ ચિંતા ઓછી નથી થઈ. જોકે, નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઘણી મોટી હોવાથી એક્ટિવ કેસમાં ખાસો ઘટાડો થઈ રહ્યો છે.

ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૨,૯૫,૧૦,૪૧૦ પર પહોંચી ગઈ છે, જ્યારે વધુ ૨,૯૫,૧૦,૪૧૦ દર્દીઓ સાજા થવાથી કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૮૧,૬૨,૯૪૭ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોનાના લીધે થયેલા મૃત્યુનો આંક વધીને ૩,૭૪,૩૦૫ પર પહોંચી ગયો છે. ભારતમાં સતત કોરોનાના નવા કેસમાં ઘટાડો થઈ રહ્યો છે જેના લીધે એક્ટિવ કેસની સંખ્યા ૧૦ લાખની અંદર (૯,૭૩,૧૫૮) પહોંચી ગઈ છે. ૧૬ જાન્યુઆરીએ દેશમાં કોરોનાના રસી અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન બાદ દેશમાં હાલ ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને રસી આપવામાં આવી રહી છે. આજે સવારે જાહેર કરાયેલા આંકડા પ્રમાણે દેશમાં રસીના કુલ ૨૫,૪૮,૪૯,૩૦૧ ડોઝ આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૩ જૂન સુધીમાં કુલ ૩૭,૯૬,૨૪,૬૨૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૪,૯૨,૧૫૨ સેમ્પલ લેવામાં આવ્યા છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૧૫-૦૬-૨૦૨૧, મંગળવાર, જેઠ વદ-૫, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૨૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ આશ્લેષા

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

તા.૧૫.૦૬.૨૦૨૧ મંગળવાર

મેષ (અ.લ.ઈ.):- માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

વૃષભ(બ.વ.ઉ.):- લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે.

મિથુન(ક.છ.ઘ.):- આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે-તમારી પરિસ્થિતિથી તમારા સાથીદારને વાકેફ કરાવવામાં તમને ખાસ્સી મુશ્કેલી પડશે.

કર્ક(ડ.હ.):- ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

સિંહ(મ.ટ.):- કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે। મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

તુલા(ર.ત.):- આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

વૃશ્ચિક(ન.ય.):- મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- મિત્ર અથવા કોઈ ઓળખીતાનું સ્વાર્થી વર્તન તમારી માનસિક શાંતિને હણી નાખશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. બાળકના અભ્યાસ વિશે ચિંતા કરવાની જરૂર નથી. આ ક્ષણે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો પણ આ બધું ક્ષણિક છે અને સમય સાથે દૂર થઈ જશે.

મકર(ખ.જ.):- ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

કુંભ(ગ.શ.સ.):- તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં-દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે.

મીન(દ.ચ.ઝ.):-તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીઆ, ધાનપુર

પંચમહાલ સમાચાર

# સંજેલી PSO દ્વારા હોમગાર્ડ જવાનને લાંફો ઝીંકી દેતા વિવાદ સર્જાયો


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

- હોમગાર્ડને લાંફો મારી વરદી ફાડી નાખતા મામલો ગરમાયો હતો.
- હોમગાર્ડ જવાનોએ PSO પૈસાની માંગણીનો કર્યાનો આક્ષેપ કર્યો.
- ૯૧જેટલા હોમગાર્ડ જવાનો હડતાળ પર ઉતરી કાર્યવાહીની માંગ કરી.

સંજેલી,

૯૧ જેટલા હોમગાર્ડ જવાનો રાત્રીના સમયે ફરજ નિભાવે છે. હોમગાર્ડ જવાનની વર્દિ ફાડી અપશબ્દો બોલતા હોમગાર્ડના જવાનોએ હડતાળ પર ઉતર્યા સંજેલીમાં ૯૧ જેટલા હોમગાર્ડ જવાનો હડતાળ પર ઉતરી PSO સામે કાર્યવાહીની માંગ કરી સંજેલીમાં હોમગાર્ડ જવાન ડ્યુટી પર બે મિનિટ લેટ આવતા સંજેલો ıતજ્ઞએ ઉશ્કેરાઈને લાંફો ઝીંકી દેતા મામલો ગરમાયો હતો થપ્પડ મારતા હોમગાર્ડ જવાનોએ એક જૂથ થઈને PSO સામે કાર્યવાહી કરવા માટે માંગ કરવા માટે જિલ્લા કમાન્ડરને લેખિત રજુઆત કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો હોમગાર્ડ જવાન નામે ચન્દ્રસિંહ બારીયા નાઈટ ડ્યુટી સમયે પોતાની ફરજ નિભાવે છે. તે સમયે હોમગાર્ડ જવાન બે થી પાંચ લેટ આવતા સંજેલી PSOએ જવાનને લાંફો ઝીંકી વરદી ફાડી નાખતા હોમગાર્ડ જવાનોએ કાયદેસરની કાર્યવાહી કરવા માટે લેખિત રજુઆત કરી.

હોમગાર્ડ જવાન ચંદ્રસિંહ સોનાભાઈ બારીયા દ્વારા જિલ્લા કમાન્ડરની અરજીમાં જણાવ્યા મુજબ સંજેલી હોમગાર્ડ યુનિટ કચેરીના હોમગાર્ડ સભ્યો જોડે ફોલિંગની અંદર ત્રણ ચાર હોમગાર્ડ જવાનો બે મિનિટ લેટ પડ્યા હતા અને પી.ઓ.સો. એ રિપોર્ટ પણ આપ્યો ન હતો અને લેટ કેમ પડ્યા એવું ગુસ્સામાં તોછડી વાણીથી પૂછપરછ કરતા હતા તો હું નામે હોમગાર્ડ સભ્ય ચન્દ્રસિંહ બારીયાએ કહ્યું હતું કે મારા સગા સબંધી દવાખાનામાં હતા. તો તેમને પૈસાની જરૂર પડી હતી તે આપવા ગયો હતો ખરાબ વાણીથી વર્તન કરી કોટયું પકડી શર્ટનું ખિસ્સું ફાડી નાખ્યું હતું. દારૂ પીધેલો છે તેવું કહી કોલર પકડીને પોલીસ સ્ટેશનમાં અંદર ખેંચીને લઈ જતા હોમગાર્ડ જવાનોએ એવું કહ્યું કે વર્દીનું અપમાન ના કરશો છતાં કોટયું પકડીને પોલીસ સ્ટેશનમાં લઈ જતા હતા અને જમાદાર મુકેશે ગાળો અને અપશબ્દો બોલ્યા અને હાથપગ તોડી નાખવાની ધમકી આપી તો અમે તમામ હોમગાર્ડ જવાન એકત્ર થઈને અમારી યુનિટ ઓફિસે જઈને બધા હોમગાર્ડ જવાનો રાત્રીના પોત પોતાના ઘરે રવાના કર્યા હતા.

# અસંગઠિત શ્રમયોગીઓને સામાજિક સુરક્ષા બક્ષતું U-WIN કાર્ડ, રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મળે છે લાભ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાજય સરકાર દ્વારા અસંગઠિત શ્રમયોગીઓને સામાજિક સુરક્ષા બક્ષવાના હેતુથી તેમજ તેમને વિવિધ લાભ સરળતાથી મળી રહે તે માટે શ્રમ શક્તિ પહેચાન હેઠળ U-WIN કાર્ડ (અનઓર્ગેનાઇઝડ વર્કર આઇન્ડેટીફીકેશન નંબર) આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ત્યારે દાહોદ જિલ્લા શ્રમ અધિકારીની કચેરી દ્વારા છેલ્લા બે જ દિવસમાં ૨૫૨ અસંગઠિત શ્રમિકોની નોંધણી કરવામાં આવી છે.

અસંગઠિત શ્રમયોગીની નોંધણી માટે અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ ૨૦૦૮ની કલમ ૨ મુજબ ઘરેલુ શ્રમયોગી, સ્વરોજગાર મેળવતા શ્રમયોગી કે વેતન શ્રમયોગીનો સમાવેશ કરવામાં આવે છે. આ યુ-વીન કાર્ડની નોંધણી જિલ્લાના ૬૫૦ જેટલા કોમન સર્વિસ સેન્ટર ખાતેથી કરવામાં આવશે. દાહોદ જિલ્લા શ્રમ અધિકારી સુ પ્રિયંકા બારીઆ જણાવે છે કે, છેલ્લા બે જ દિવસમાં સ્ટ્રીટ વેન્ડર તરીકે કામ કરતા ૭૮ શ્રમિકો અને અન્ય ૧૭૪ શ્રમિકો એમ કુલ ૨૫૨ અસંગઠિત શ્રમિકોની નોંધણી કરવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા જે શ્રમિકની માસિક આવક રૂ. ૧૦,૦૦૦ કે તેથી ઓછી હોય તેમજ એક હેક્ટર કે ઓછી વાવણી લાયક જમીન ધરાવતા હોય તેવા વ્યક્તિને સ્વરોજગાર મેળવતા શ્રમયોગી તરીકે આ કાર્ડનો લાભ મળશે. ઉપરાંત ઘરેલુ કામ કરતા શ્રમયોગીઓને પણ આ લાભ આપવામાં આવશે. અત્યારે યુ-વીન કાર્ડ અંતર્ગત અસંગઠિત શ્રમિકોની નોંધણીની કામગીરી ચાલુ છે.

અસંગઠિત શ્રમયોગીએ યુ-વીન કાર્ડ મેળવવા નજીકના કોમન સર્વિસ સેન્ટર ખાતે જઇ આધારકાર્ડ, બેન્ક એકાઉન્ટની તથા મોબાઈલ નંબર, અગ્રતા પાપ્ત પરિવારનું રેશનકાર્ડ ધરાવતા હોય તો તેની નકલ લઈને ઉપસ્થિત થવાનું રહેશે. આ કાર્ડ તદ્દન નિઃશુલ્ક આપવામાં આવે છે અને આ અંગેનો ખર્ચ ગુજરાત રાજય સામાજિક સુરક્ષા બોર્ડ કરે છે.

રાજય સરકાર દ્વારા યુ-વીન કાર્ડ ધારક શ્રમિકોને વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે. જેમાં મા વાત્સલ્ય યોજના, અકસ્માત વીમા યોજના, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા યોજના, બીબી સહાય (ગ્રામ શ્રમ આયુક્ત તંત્ર નિયમો મુજબ) તેમજ સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલમાં આવતી લાગુ પડતી યોજનાઓનો લાભ મળવાપાત્ર થાય છે.

રાજય સરકાર દ્વારા યુ-વીન કાર્ડ ધરાવતા શ્રમિકોને ખૂબ જ સસ્તા ભાવે ભોજન મળી રહે એ માટે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ આપવામાં આવે છે. દાહોદ જિલ્લામાં શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત આ કાર્ડ ધારકોને લાભ મળી રહે એ માટે દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે અને નજીકના ભવિષ્યમાં યુ-વીન કાર્ડ ધરાવતા શ્રમયોગીઓને સાવ સસ્તા દરે પોષ્ટિક ભોજન મળતું થશે.

# ફતેપુરાના આફવા ગામેથી આરોગ્ય અને પોલીસની સંયુક્ત ટીમે બોગસ તબીબને ઝડપી પાડયો

દાહોદ,

ફતેપુરા તાલુકાના આફવા ગામે થી રવિવારના રોજ સુખસર પોલીસ અને તાલુકા આરોગ્ય અધિકારીની ટીમ દ્વારા બોગસ તબીબની ધરપકડ કરવામાં આવી હતી. કોઈપણ જાતની ડીગ્રી વગર ગ્રામીણ વિસ્તારના લોકોની સારવાર કરતો હોવાનું જાણવા મળ્યું હતું. આરોગ્ય અધિકારીની ફરિયાદના આધારે પોલીસે તબીબની ધરપકડ કરી દવાઓનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

કોરોના મહામારી દરમિયાન એપ્રિલ અને મે મહિનામાં કોરોના પોઝિટિવ કેસો અને સંક્રમિતનો રાફળો ફાટ્યો હતો. મોટા શહેરના ખાનગી દવાખાના અને સરકારી દવાખાનાઓમાં મા દવા સારવાર માટે જગ્યા નથી મળતી આ અરસામાં નાના ગામડાઓમાં ખાનગી તબીબોને ત્યાં પણ સારવાર માટે ટોળે ટોળાં ઉમટયાં હતા. ડિગ્રી વગરના તબીબોને પણ ઘી કેળા થઇ ગયા હતા. જ્યારે હવે જૂન મહિનામાં કોરોના સંક્રમિત નો ઘટાડો થઈ ગયો છે ગણયાગાંઠ્યા કેસો જોવા મળી રહ્યા છે. ત્યારે રવિવારના રોજ તાલુકા આરોગ્ય અધિકારી કે.આર.હાડા, સુખસર પી.એસ.આઇ એન. પી. સેલોટ ની સંયુક્ત ટીમ દ્વારા આફવા ગામે એક ડિગ્રી વગરના તબીબને ત્યાં છાપો મારવામાં આવ્યો હતો અને હેમંત સરકાર નામના બોગસ તબીબની ધરપકડ કરાઈ હતી. જેની પાસેથી ઈન્જેક્શન બોટલ દવાઓ સહિત ૧૨૬૭૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

કોરોના મહામારીમાં આ બોગસ તબીબને ત્યાં સારવાર કરવા માટે વહેલી સવારથી મોડી સાંજ સુધી મોટી સંખ્યામાં ભીડ ઉમટતી હતી. અને દર્દીઓને સારવારથી આરામ પણ થયો હોવાનું આ વિસ્તારના લોકોમાં ચર્ચાઈ રહ્યું હતું.

ફતેપુરા તાલુકામાં અન્ય ખાનગી દવાખાનાઓમાં તબીબની સાથે કમ્પાઉન્ડર રાખવામાં આવેલ છે અને આ કમ્પાઉન્ડરો દર્દીઓને બોટલ અને ઈન્જેક્શન પણ આપે છે. જ્યારે આ કેટલાક કમ્પાઉન્ડ પાસે કોઈપણ જાતની નર્સિંગ કરેલી ડીગ્રી ન હોવા છતાં પણ કામગીરી કરી રહ્યા છે. જેવો ગ્રામીણ વિસ્તારની પ્રજાના સ્વાસ્થ્ય સાથે છેડા કરવામાં આવી રહ્યા છે. ત્યારે આરોગ્ય ખાતાએ સજાગતા રાખી ખૂબ જરૂરી જણાય છે.


જીજ્ઞા કપુરીયા (નિયતી)

મુંબઈનાં મોટાં ભાગનો વર્ગ
પહેલાં દક્ષિણ મુંબઈમાં જ રહેતો,
પહેલાં પરામાં કોઈ રહેતું નહોતું,
બધાં જ C Wordમાં રહેતાં
એટલે લોકોમાં ત્યાંની અનેક
યાદો જોડાયેલી હતી, તો ચાલો
મિત્રો એ યાદોને તાજી કરીને
મજા માણીએ.
શીર્ષક
મજા જ અનેરી હતી

એ કીશનના વડાપાવ ને શાંતિયાની પેટીશ ને ફણસવાડીની
સેન્ડવીચ,
એ સરદારની ભાજીપાવ ને સાથે તીખી તમતમતી ચટણીની,
મજા જ અનેરી હતી.

એ વિઠ્ઠલની ભેળપુરી ને પાંદડામાં પીરસાતી પાણીપુરી,
એ ખાઉધરા ગલીનાં મટકાં આઈસક્રીમ સાથે ભુલેશ્વરમા ફરવાની,
મજા જ અનેરી હતી.

એ મોહનના પુડલાં ને
ગુલાબીરંગનાં બરફનાગોળા તકમરીયાવાળાં,
એ ખાવાકૂવાની પાપડી ને મુંમ્બાદેવીની ગરમાગરમ કે કેસરવાળી
જલેબીનાં ગુંચળાંની,
મજા જ અનેરી હતી

એ શ્રીનાથ ચિમનલાલનો ચેવડો, લસ્સી ને પારસીડેરીનું દૂધ ને
ભગતનું શરબત,
એ ભાંગવાડીનું નાટકને એડવર્ડનાં બાંકડા પર બેસી ફિલ્મ જોવાની,
મજા જ અનેરી હતી.

એ મહિના પહેલાં લગ્નસરા પર દીપી ઉઠતો માળો,
એ લગ્નનો વરઘોડોને પંગત પાડીને આગ્રહ કરીને જમાડવાની,
મજા જ અનેરી હતી.

એ તહેવારોમાં ગમ્મત કરતાં ભેરૂબંધો સર્વે,
એ ઉતરાણમાં ઊંધિયાને ખીચડા સાથે ધાબે ચઢીને પતંગ
ચગાવવાની,
મજા જ અનેરી હતી.

એ ચોપાટીનો દરિયોને નરીમાન પોઈન્ટની પાળી,
એ ચોપાટીમાં રમત રમવાં સાથે સેવવાળી આઈસક્રીમની,
મજા જ અનેરી હતી.

એ મોળાકાતમાં નર નારાયણ મંદિરમાં ગરબે રમતી ગોપીઓ,
એ ઈબ્રાહીમ ઢોલીની સાથે શરણાઈનાં સૂરમાં થતી રાસલીલાઓની,
મજા જ અનેરી હતી.

એ દિવાળીમાં ચાર વાગ્યામાં ગાજી ઉઠતી ચાલીઓ,
એ સવાર સવારમાં સાલમુબારક સાથે વિવિધ પકવાન ખાવાની,
મજા જ અનેરી હતી.

ખરેખર મુંબઈનાં (C Word) દક્ષિણ મુંબઈનાં વિસ્તારમાં રહેવાની
મજા જ અનેરી હતી !
અસ્તૂ!

# સંજેલી હોળી ફળિયા સામૂહિક રસ્તા પર થયેલા દબાણ દુર કરવા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત

સંજેલી,

સંજેલી ખાતે આવેલ હોળી ફળિયા વિસ્તારમાં ફળિયામાંથી પસાર થતા માર્ગ પર જ મકાન બનાવી દેતા સ્થાનિકો અને ખેડુતોને ખેતરમાં અવરજવર કરતાં વાહનોને મુશ્કેલીને લઇ તાલુકા વિકાસ અધિકારીને આઠમીને મંગળવારના રોજ દબાણ દુર કરવા ખેડૂત પુત્ર મહેન્દ્ર ચારેલ દ્વારા લેખિત રજુઆત.

સંજેલી ઝાલોદ રોડ પર આવેલા હોળી ફળિયા વિસ્તારમાં રહેણાંક વિસ્તારોમાં વર્ષોથી પંચાયતનો રસ્તો છે જ્યાંથી આ ફળિયાના લોકો સહિત ખેડુતો પોતાના ખેતરમાં અવરજવર કરતાં હતાં પરંતુ થોડા દિવસ અગાઉ માથાભારે લોકો દ્વારા રોડ પર જ પંચાયતની ખુલ્લી સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી રસ્તો સાંકડો કરી રોડ પર જ મકાન બનાવી દીધું હતું. જેથી ખેતરમાં વાહન લઈ જવા માટે મુશ્કેલી ઉભી થવા લાગી છે. ખેડુત પોતાના ખેતરમાં પાક ખેતપેદાશો કરી પોતાના પરિવારનું પેટીયું રળતા હોય છે પરંતુ હાલ રોડ પર જ મકાન બનાવી દેતાં ખેડુતના ખેતરમાં ખેડાણ વિના પાક કઈ રીતે કરવો તેની મુશ્કેલીને લઈ ખેડૂત પરિવારમાં નારાજગી જોવા મળી રહી છે. વર્ષો જૂના માર્ગ પર માથાભારે યુવકો દ્વારા પંચાયત તંત્રની બેદરકારીથી ખેડૂતોને ભોગ બનવું પડે છે. જેથી રોડ પર જ થયેલ ગેરકાયદેસર દબાણ દુર કરવા તાલુકા વિકાસ અધિકારી હરેશ મકવાણાને ખેડૂત પુત્ર મહેન્દ્ર ચારેલ દ્વારા લેખીત રજુઆત કરવામાં આવી છે.

સંજેલી પંચાયતના સરપંચ દબાણકારોને છાવરે છે. અરજદારે દબાણ બાબતે પંચાયત સરપંચને મૌખિક રજુઆત કરતા સરપંચ ઉશ્કેરાઇ જઇ અપશબ્દોનો ઉપયોગ કરી થાય તે કરી લેજે તેમ જ કોઈ પણ જાતની અરજી કરતો નહીં તો જોવા જેવું થઈ જાય તેવા અપશબ્દોનો ઉલ્લેખ કરી ધમકીઓ આપી હતી. જે બાબતનો રેકોર્ડીંગ સહિતના પુરાવાને લઈ આ બાબતે પણ લેખીત રજુઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# સંજેલીમાં વન વિભાગ દ્વારા રેસ્ક્યુ તાલીમ યોજાઈ હતી



સંજેલી,

સંજેલી વનવિભાગ ફોરેસ્ટના ઉપક્રમે ઈકો સ્નેક્સ મંડળ દે.બારીયા દ્વારા સાપ, ઝેરી જાનવરોના રેસ્ક્યુ વિશે તાલીમ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૨ ફૂટ જેટલો અજગરનું મોકડ્રિલ યોજી રેસ્ક્યુ કરવાની વિગતે તાલીમ પુરી પાડી રેસ્ક્યુ વિશે ધ્યાનમાં રાખવા જેવી બાબતો વિશે માહિતગાર કર્યા હતા. ક્યારે અને કેવી રીતે જાનવરનું રેસ્ક્યુ કરવું તેના વિશે સંપૂર્ણ સમજ આપી કર્મીઓને માહિતગાર કર્યા હતા.

સંજેલી વનવિભાગના પટાંગણમાં રેસ્કયુ મોકડ્રિલ યોજાયું હતું. જેમાં કિંગ ઓફ સ્નેક્સ દે.બારીયા મંડળ દ્વારા સાપ, અજગર, ઝેરી બિનઝેરી સાંપોને રેસ્ક્યુ વિશે પુરી માહિતી આપવા માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડેમો રૂપે ૧૨ ફૂટ મોટો અજગરને રેસ્ક્યુ કેવી રીતે કરવું, હેમખેમ કેવી રીતે પકડવો તેના વિશેની ટ્રિક આપી સમજણ આપવામાં આવી હતી અજગરને શાંત કરીને તેનું રેસ્ક્યુ કરવું તે વિશે તાલીમ આપવામાં આવી હતી અને વિવિધ સાંપોની પ્રજાતિઓ વિશે અવગત કર્યા હતા. મોકડ્રિલ તાલીમમાં સંજેલી રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાકેશ વણકર, સંજેલી વનવિભાગની ટિમ સહિત કિંગ્સ ઓફ સ્નેક્સ મંડળના સભ્યો દ્વારા યોજાયું હતું.

# ઝાલોદના ધાવડીયા પંચાયતના તલાટીને ૧૩,૫૦૦/- રૂપીયાની લાંચ લેતા એસીબી એ રંગેહાથે ઝડપ્યો

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના ધાવડીયા ગ્રામ પંચાયતન તલાટી એ નરેગા યોજના હેઠળ ફાઈલોમાં સહી કરવા લાંચની માંગણી કરી હતી. લાંચ નહી આપવા માંગતા અરજદારે દાહોદ એસીબીમાં ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે એસીબી એ ટ્રેપ ગોઠવીને ૧૩,૫૦૦/-રૂપીયાની લાંચ લેતાં રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યો. વિસ્તૃત વિગતો પ્રમાણે ઝાલોદ તાલુકાના ધાવડી ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલ નરેગા યોજનાના કામો થયેલ હોય નરેગા યોજનાના વિકાસના કામો કરનાર અરજદાર વિવિધ ફાઈલોમાં સહી કરવાની હતી. જેને લઈ ધાવડીયા ગ્રામ પંચાયતના તલાટી અલ્પેશ પ્રજાપતિ એ ફાઈલોમાં સહી કરવા માટે ૧૩,૫૦૦/-રૂપીયાની માંગણી કરી હતી. લાંચ આપવા નહી માંગતા અરજદારે દાહોદ જીલ્લા એસીબીનો સંપર્ક કરીને ફરિયાદ કરી હતી. એસીબી એ ફરિયાદના આધારે છટકું ગોઠવવામાં આવ્યું હતું અને તલાટી દ્વારા નરેગા યોજનાની ફાઈલોમાં સહી કરવા માટે માંગેલ ૧૩,૫૦૦/- રૂપીયા આપવા માટે અરજદાર ગયા હતા. તલાટી અલ્પેશ પ્રજાપતિને એસીબી એ ૧૩,૫૦૦/-રૂપીયાની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. ઝાલોદ તાલુકાના તલાટી ક્મ મંત્રી લાંચ લેતા એસીબી એ ઝડપી પાડતા અન્ય લાંચ લેતા લાંચિયા કર્મચારી તલાટીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# દાહોદના જેકોટ ગામે કપચી ભરેલ ટ્રેકટર પાછળ ફોર વ્હીલ ધુસી જતાં ચાલકનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના જેકોટ ગામે ગમખ્વાર માર્ગ અકસ્માત સામે આવતાં સૌ કોઈમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. જેકોટ ગામે એક કપચી ભરેલ ટ્રેક્ટરની પાછળ એક ફોર વ્હીલર ગાડી ધુસી જતાં ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ગાડીનો ચાલક અંદર ફસાઈ ગયો હતો. ઘટનાને પગલે લોકો દ્વારા ગાડીમાં ફસાઈ ગયેલ ચાલકને બહાર કાઢવાની પુરેપુરી કોશિષ કરતી હતી અને બહાર પણ કાઢ્યો હતો, પરંતુ ત્યાંથી તેને સારવાર માટે નજીકના દવાખાને લઈ જવાતાં તેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

જેકોટ ગામે ગતરોજ સાંજના સમયે એક ફોર વ્હીલર ગાડીના ચાલક અને તેની આગળ એક કપચી ભરેલ ટ્રેક્ટર પસાર થઈ રહ્યું હતું. જાણવા મળ્યાં અનુસાર, ટ્રેક્ટરનું ટાયર ફાટતાં આ દરમ્યાન પાછળ આવતી ફોર વ્હીલર ગાડી આ ટ્રેક્ટરની પાછળના ભાગે ઘુસી ગઈ હતી. જોતજોતામાં આ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને અંદર સવાર ચાલક પોતાની ગાડીમાં ફસાઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થાનીકો લોકો દોડી આવ્યાં હતાં અને જેસીબીની મદદથી ટ્રેક્ટરની અંદર ઘુસી ગયેલ ગાડીને અને ટ્રેકટરને અલગ કરવાની કામગીરી આરંભાઈ હતી. થોડા સમય સુધી ભારે જહેમત બાદ ગાડીની અંદરથી ચાલકને બહાર પણ કાઢવામાં આવ્યો હતો પરંતુ તેને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ત્યારે મોડી રાત્રીના સમયે સારવાર દરમ્યાન ગાડીના ચાલકનું મોત નીપજ્યાના સમાચારો વહેતાં થયાં હતો.

# લીમખેડા નાનામાળ ગામેથી ૨૮ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

લીમખેડા તાલુકાના નાનામાળ ગામે એક રહેણાંક મકાનમાંથી દાહોદ એલ.સી.બી. પોલીસે પ્રોહી રેડ કરી કુલ રૂપિયા ૨૮,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે. દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગત તારીખ ૧૩મી જુનના રોજ લીમખેડા તાલુકાના નાનામાળ ગામે રહેતા ધનસુખભાઈ સુરસીંગભાઈ નિનામાના રહેણાંક મકાનમાં ઓચીંતી રેડ પાડી હતી. આ દરમિયાન પોલીસને જોઈ ધનસુખભાઈ નાસી જવામાં સફળ રહ્યા હતા. ત્યારે પોલીસે તેના મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૨૨૮ જેની કુલ કિંમત રૂપિયા ૨૮,૮૦૦/- મુદ્દામાલ કબજે કરી લીમખેડા પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દી બંધ થતાં રાહત

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે સતત કેટલાંક દિવસોની માફક આજે પણ કોરોનાના શુન્ય કેસ નોંધાયાં છે. દાહોદ જિલ્લામાંથી સંદતર કોરોના પોઝીટીવ અને મૃત્યુદર બંધ થઈ ગયો છે. ત્યારે આવનાર દિવસોમાં સરકાર દ્વારા દાહોદ જિલ્લામાં પણ આંશિક છુટછાટો આપશે તેવી જિલ્લાવાસીઓ સહિત જિલ્લાના વેપારીઓ આશા વ્યક્ત કરી રહ્યાં છે.

આર.ટી.પી.સી.આર. અને રેપિટ ટેસ્ટના કુલ ૧૨૮૩માંથી આજે પણ એક પણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો નથી. આજે વધુ ૦૭ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. નહીંવત કેસો અને સાજા થતાં દર્દીઓને પગલે એક્ટીવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લામાં માત્ર ૧૦ દર્દીઓ કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. ત્યારે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૧ને પાર થઈ ગયો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 249

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા ભુરાવાવ વિસ્તારમાં

# લાખોના ખર્ચે બનેલ મહિર્ષિ વાલ્મીકી ઉદ્યાન જાળવણીના અભાવે બિસ્માર





ગોધરા,
ગોધરા શહેરના ભૂરાવાવ વિસ્તારમાં આવેલા કુસુમ વિવેક નગર સામે આવેલા મહર્ષિ વાલ્મિકી ઉદ્યાન નગરપાલિકા ગોધરા દ્વારા જાળવણીના અભાવે બિસ્માર હાલતમાં નજરે પડી રહ્યો છે.

ગોધરા નગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ગોધરા નગરના વિકાસના કામો માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લાખ્ખો રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. તે લાખ્ખો રૂપિયા માથી ગોધરા પાવર હાઉસ પાસે આવેલા કુસુમ વિવેકનગર સોસાયટી સામે એક બગીચા બનાવવા માટેનું આયોજન નગરપાલિકાના માજી પ્રમુખ રાજેશભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યુ હતું. જે સંદર્ભે બગીચાને સુશોભિત કરવા માટે રમતગમતના સાધનો અને બગીચાની સુંદરતા વધારવા માટે મહર્ષિ વાલ્મીકી ઋષિ અને બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાઓનું અનાવરણ ભાજપ ના પૂર્વ મંત્રી સ્વ. ફકીરભાઈ વાઘેલા તથા હાલના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં મહર્ષિ વાલ્મીકી બગીચાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. પરંતુ હાલ આ બગીચાની માવજત અને જાળવણીના અભાવના કારણે તેની ચારેય બાજુ ગંદકીનું સામ્રાજ્ય અને જંગલી વનસ્પતિ ઉગી નીકળેલી હાલતમાં જોવા મળી રહી છે. ગોધરાના પાવર હાઉસ પાસે આવેલા કુસુમ વિવેકનગર સોસાયટી સામે મહર્ષિ વાલ્મીકી બાગમાં રમતગમતના સાધનો આજુબાજુ માં લગાવેલ લાઈટીગ અને ફુવારા તેમજ મહર્ષિ વાલ્મીકી ઋષિ અને ડો બાબા સાહેબ આંબેડકર ની મૂર્તિઓનું જાળવણીના અભાવે ધુળ ખાતી હાલતમાં જોવા મળી રહી છે.ગોધરા માં આવેલ મહર્ષિ વાલ્મીકી ઋષિ બાગ કલ ચમન થા આજ વેરાન હો ગયા તેવી ખરાબ દુર્દશા છે.પરંતુ તંત્રની માવજત અને જાળવણી ના અભાવે આજે બગીચાઓ ખંડેરમાં ફેરવાઈ ગયા છે. બગીચાના વિકાસ માટે લાખોનો ખર્ચ પાણીમાં ગયો છે છતા તંત્રનું પેટનું પાણી હલતું નથી હાલમાં કોરોના ના કેસોમાં ઘટાડો થયો છે. ત્યારે હાલ રાજ્ય સરકાર દ્વારા કેટલીક છૂટછાટ આપવામાં આવી છે. ત્યારે આ વિસ્તારના નાના ભૂલકાઓ અને સિનિયર સીટીઝન આ ઉદ્યાન નો લાભ લઈ શકે તે માટે સ્થાનિક કોર્પોરેટર અને નગરપાલિકાએ રસ દાખવી ઉદ્યાન ને પુનજીવિત કરવા માટેના પગલાં લે તેવું સ્થાનિકો ઈચ્છિ રહ્યા છે. નગરપાલિકાના પ્રમુખ સંજયભાઈ સોની આ બાગનું અને તેની બાજુમાં આવેલા મોર્નિંગ વોકની મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ કરી યોગ્ય નિર્ણય લે તે માટે ગોધરાના સ્થાનિક લોકો રાહ જોઈ રહ્યા છે.

> ગોધરા પાલિકાના પ્રમુખ તરીકે રાજેશ ચૌહાણના સમયગાળામાં પાવર હાઉસ વિસ્તારમં મહિર્ષિ વાલ્મીકી ઉદ્યાન લાખો રૂપીયાના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. ઉદ્યાનમાં મહિર્ષિ વાલ્મીકી અને ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. તે જાળવણી અને સાફ-સફાઈના અભાવે ધુળ ખાઈ રહી છે.

> ગોધરા પાવર હાઉસ વિસ્તારમાં વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષમાં લાખો રૂપીયાના ખર્ચે મહિર્ષિ વાલ્મીકી ઉદ્યાન બનાવવમાં આવ્યો હતો અને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે લોકાપર્ણ કરાયું હતું. લાખો રૂપીયાને ખર્ચે બનેલ ઉદ્યાનની જાળવણીની જવાબદારી પાલિકા તંત્રની હોય પરંતુ પાલિકા દ્વારા તેની ઉપર ધ્યાન દોરવામાં આવ્યું ન હોવથી હાલ ઉજજડ હાલતમાં જોવા મળી રહ્યો છે.

> કોરોનાની બીજી લહેરના કહેર બાદ હવે રાજ્ય સરકાર દ્વારા બાગ-બગીચામાં જવા માટે છુટ આપવામાં આવી છે. ત્યારે પાલિકા તંત્ર ધ્યાન આપીને મહિર્ષિ વાલ્મીકી ઉદ્યાનને પૂનઃજીવિત કરે તે જરૂરી છે. જો ઉદ્યાનને પૂનઃજીવિત કરવામાં આવે તો નાના બાળકો અને વડીલો માટે હરવા-ફરવાને સ્થળ જાળવી રહે તેમ છે.

> ગોધરા પાલિકાના હાલના સત્તાધારી પક્ષના પ્રમુખ દ્વારા આ ઉદ્યાનને પૂનઃજીવિત કરવામાં રસ લે તેવી સ્થાનિક રહિશો માંગ કરી રહ્યા છે.

## શહેરાના નવીવાડી ગામે પાણીની સમસ્યાથી લોકો પરેશાન TDOને લેખિત રજુઆત




શહેરા,
શહેરાના નવીવાડી ગામના ભોઈ ફળિયા સહિત અન્ય વિસ્તારમાં પાણીની સમસ્યા થી સ્થાનિક લોકો હેરાન પરેશાન છે. આ ગામના ચાર ફળિયામાં પાણી નહીં મળતા સ્થાનિક જાગૃત મહિલાઓ એ વિરોધ પક્ષના નેતા સાથે રાખીને તાલુકા વિકાસ અધિકારીને પાણી સમસ્યા હલ થાય તે માટે લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી.

શહેરા તાલુકાના નવી વાડી ગામમાં પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. ગામના ભોઈ ફળિયા, યોગેશ્વર ફળિયુ, મુવાડી ફળિયું ,જુલિયા ફળિયાના લોકોને વંણાકબોરી પાણી પુરવઠા યોજનાનું પાણી નહી મળતા પીવા માટે અને ઘર વપરાશનું પાણી લેવા માટે હેન્ડ પંપ કે કૂવાના ખાતે જતા હોય છે. પાણીની સમસ્યાને લઈને આ વિસ્તારના જાગૃત ગ્રામજન દ્વારા ગ્રામ પંચાયત કચેરી ખાતે પણ જાણ કરવામાં આવી હતી. યોગેશ્વર ફળિયા સહિત ચાર ફળિયામાં પાણીની સમસ્યા હલ નહી થતા વનીતાબેન, કૈલાશબેન માછી તેમજ અલ્પાબેન સહિત અન્ય ગ્રામજનો વિરોધ પક્ષના નેતા જશવંતસિંહ સોલંકી સાથે તાલુકા પંચાયત કચેરી ખાતે રજૂઆત માટે આવ્યા હતા. તાલુકા વિકાસ અધિકારી અંકિતાબેન ઓઝા ને વનીતાબેન , કૈલાશ બેન સહિતની મહિલાઓ તેમજ વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી એ પાણીની સમસ્યાને લઈને લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી. જ્યારે આ બાબતે નવીવાડી ગામના સરપંચ ઉર્મિલાબેન રાજેન્દ્રસિંહ સોલંકીને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, જે વિસ્તારમાં પાણી સમસ્યાની બૂમ ઉઠી છે. તે વિસ્તાર ઊંચો હોવાથી વણાંકબોરી પાણી પુરવઠા યોજનાનું પાણી પહોચતું નથી. તલાટી દ્વારા અને સરપંચ તરીકે મારી ફરજ હોવાથી પાણી પુરવઠા કચેરી ખાતે આ બાબતે જાણ કરાઈ છે. હાલ તો આ વિસ્તારના લોકો પાણી સમસ્યા માથાના દુઃખાવા સમાન બનવા સાથે પાણી ભરવા માટે દૂર સુધી જવાની નોબત આવી છે. ત્યારે સ્થાનિક ગ્રામ પંચાયત અને પાણી પુરવઠા તંત્ર દ્વારા ગામના યોગેશ્વર ફળિયા સહિતના વિસ્તારમાં પાણીની બૂમો ઉઠી છે. ત્યારે આ વિસ્તારની પાણીની સમસ્યા વહેલી તકે હલ થાય તે જરૂરી છે.

## પંચમહાલ જિલ્લાના શહેરી વિસ્તારોમાં આજે એક પણ કેસ નોંધાવા પામ્યો નથી

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં કોરોના કેસોમાં મહત્તમ ઘટાડો નોંધાતા આજે માત્ર ૦૨ કેસ નોંધાયા છે. જેની સાથે સાથે કોરોના કેસો ઘટવાથી જિલ્લા વાસીઓએ તેમજ જિલ્લા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારે કોરોના દર્દીઓ પણ ઝડપથી સાજા થઈ ઘરે પરત ફરી રહ્યા છે. જે એક સુખદ સમાચાર કહી શકાય.

પંચમહાલ જિલ્લામાં આજે ૦૪ દર્દીઓએ કોરોનાને મહાત આપી સાજા થયા. જિલ્લામાં કોરોના કેસોમાં સોમવારે ઘટાડો નોંધાતા માત્ર ૦૨ દર્દીઓ નોંધાવા પામ્યા હતાં. જિલ્લામાં કોરોનાનો કુલ આંક આજ રોજ ૯૫૮૮ ઉપર પહોંચી જવા પામ્યો છે. જેમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ગોધરા-૦૧ અને મોરવાહડફ-૦૧ એમ મળી કુલ ૦૨ કેસ નોંધાયા. ત્યારે આજ રોજ કોરોનાને હરાવી કુલ ૦૪ દર્દી સાજા થયા હતા. જે મળી જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૩૪૨ દર્દીઓ કોરોનાને પછડાટ આપી સાજા થયા છે. હાલમાં કોરોનાની સારવાર હેઠળ માત્ર ૬૦ દર્દીઓનો સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લામાં શહેરી વિસ્તારોમાં કુલ ૫૫૧૫ કેસ નોંધાયા. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦૭૩ કેસ નોંધાયા.

## ગોધરા બામરોલી રોડ જવાના માર્ગ ઉપર થી પ્લાસ્ટીકની બેગ માંથી ગૌમાંસનો જથ્થો મળી આવ્યો



ગોધરા,
ગોધરા શહેરમાં થતી માંસની હેરાફેરીનો પર્દાફાશ માંસનો પ્લાસ્ટિક બેગમાં પેકીંગ કરેલો જથ્થો ગાડીના ટાયર સાથે બામરોલી રોડ તરફ જવાના રસ્તા પરથી મળી આવતા પોલીસે સીસીટીવી ફુટેજની ચકાસણી હાથ ધરી હતી. રસ્તા પરથી મળી આવેલ માંસનો જથ્થો ગૌમાંસ હોવાની આશંકા વચ્ચે પોલીસે જરૂરી તપાસ હાથ ધરી છે.

ગોધરાના બામરોલી રોડ તરફ જવાના રસ્તા પર પ્લાસ્ટિક બેગમાં પેકીંગ કરેલો માંસનો જથ્થો અને એક ટાયર રસ્તાની વચ્ચે બિનવારસી હાલતમાં પડેલું મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. સ્થાનિક દુકાનદારોએ પોલીસ અને ગૌરક્ષક ટીમને જાણ કરતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા વાહનમાં થી પસાર થતી વેળાએ માંસનો જથ્થો રસ્તા પર પડી ગયો હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસે માંસનો જથ્થો કબ્જે લઈ સેમ્પલ ચકાસણી અર્થે મોકલી આપવામાં આવ્યું છે. તો બીજી તરફ પોલીસે સીસીટીવી ફુટેજ ની ચકાસણી હાથ ધરી છે મળી આવેલો માંસનો જથ્થો ગૌમાંસ હોવાની પણ આશંકા વ્યકત કરવામાં આવી છે ત્યારે હવે જોવુ રહ્યું તપાસ દરમ્યાન શું બહાર આવે છે. ભરચક વિસ્તારમાં થી માંસનો જથ્થો મળી આવતા સ્થાનિક લોકો પણ ચોકી ગયા હતા. હાલ તો શહેર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગોધરાની સાયન્સ કોલેજના મેદાનમાં જુગાર રમતા ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,
ગોધરા શહેરના સાયન્સ કોલેજ ગ્રાઉન્ડમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેડ કરી ત્રણ ઈસમોને ૧૦,૧૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા સાયન્સ કોલેજના ગ્રાઉન્ડમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન સતિષ રોહિતભાઈ દંતાણી, મનોજ અજયભાઈ દંતાણી, મનોજ રાજુભાઈ દંતાણીને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા ત્રણ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૦,૧૫૦/-રૂપીયા જપ્ત કરી એ ડીવીઝન પોલીસ મથકે જુગારી ધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.




૧૪મી જૂન વિશ્વ રક્તદાતા દિનની ઊજવણી નિમિત્તે ગોધરા રેડ ક્રોસ દ્વારા ૧૩૬મી વાર રક્તદાન કરી સંસ્થાના સભ્ય અને સામાજિક કાર્યકર હોતચંદ ધમવાનીએ માનવ સેવાનું પૂણ્ય પ્રાપ્ત કરેલ. સ્ટાફ ટેકનિશિયન કુ.બીનીતા પટેલે તેમજ અન્ય રક્તદાતાઓએ તેમજ ગોધરા તાલુકાના અંબાલી ગામે કમલેશ રાઠોડ અને ધીરેન્દ્રસિંહ સિસોદિયા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરી સુંદર કાર્ય કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન ડો.કે.વી.પંચાલ, વાઈસ ચેરમેન કે.ટી.પરીખ, ટ્રેઝરર આંનદ ઘડિયાળી, માનદ મંત્રી કિશોરીલાલ ભાયાણી, માજી વાઈસ ચેરમેન અજીતસિંહ ભાટ્ટી વિગેરે હાજર રહ્યા હતા.

## આહાર સંસ્થા દ્વારા ગરીબ પરિવારને નવા ઘર "પ્રેમાહાર"નું નજરાણું




દે.બારીયા,
આહારના લાભાર્થી અને છેલ્લા સાત વર્ષથી છૂટક મજૂરી કરીને પોતાની પત્ની અને ચાર બાળકો સાથે ૮ ફૂટ બાય ૮ ફૂટની નાની ઓરડીમાં દેવગઢ બારીયા ગામના છેવાડાના વિસ્તારમાં દિનેશભાઈ નાયક રહેછે..છૂટક મજૂરી કરીને પોતાની પત્ની અને ચાર બાળકોનું ભરણપોષણ કરતા આ કારમી મોંઘવારીમાં તેઓ પાસે કશું બચતું ન હતું. પરિણામે પોતાની જમીન હોવા છતાં ઘર બનાવી શકતા ન હતા. આહાર સંસ્થા એ આજે તેઓને તારીખ ૧૪-૦૬-૨૦૨૧ ના રોજ નવું ૨૦ ફૂટ બાય ૨૦ ફૂટનું નવું પાકું ઘર "પ્રેમાહાર" બનાવી દેવગઢ બારીયા નગરપાલિકા પ્રમુખ મતી ડો.ચાર્મીબેન સોનીના વરદ્દ હસ્તે ગૃહપ્રવેશ કરાવી એક ગરીબ કુટુંબમાં અનહદ ખુશીઓની લ્હાણી કરી. આહાર સંસ્થાએ ઘરની સાથે તેઓને તમામ ઘરવખરી તથા નવા કપડાં પણ અપાવ્યા. આજના આ પ્રસંગે જય ભગવાન દાદા એ સત્યનારાયણ ભગવાનની કથા કરી તથા મતી ડોક્ટર ચાર્મીબેને આ પ્રસંગે તમામ ગરીબોને પોતાના તરફથી દાળ, ભાત, શાક અને લાપસીનું ભોજન જમાડીને આજના પોતાના જન્મદિવસની ઉજવણીને યાદગાર બનાવી દીધી.

## ગોધરાના સાંપા રોડ ઉપર થી રીક્ષામાં લઈ જવાતા ૨૮ હજારના દારૂ સાથે બે ઈસમો ઝડપ્યા

ગોધરા,
ગોધરા સાંપા સેગવા રોડ ઉપર તાલુકા પોલીસ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી ઓટો રીક્ષાને રોકી હતી અને ચેકીંગ કરતાં પ્લાસ્ટીક કવાટરીયા પેટી નંગ-૬ કિંમત ૨૮,૮૦૦/-રૂપીયા તથા રીક્ષ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરાના સાંપા સેગવા રોડ ઉપર તાલુકા પોલીસે પેટ્રોલીંગમાં હોય દરમ્યાન ઓટો રીક્ષા નંબર જીજે.૧૭.યુ.૯૨૪૨ને રોકી હતી અને રીક્ષાની તપાસ કરતાં પ્લાસ્ટીકના કવાટરીયા પેટી નંગ-૬ કિંમત ૨૮,૮૦૦/-રૂપીયા અને રીક્ષા સાથે પ્રદિપ લવીગભાઈ પરમાર, પરાગ ઉર્ફે ભુરો મહેશભાઈ પરમાર રહે. ઈચ્છા પગીની મુવાડીને કુલ ૭૦,૮૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન હેઠળ ફરિયાદ નોંધી.

## ગરબાડાના બોરિયાળ ગામે ઉછીના પૈસાની તકરારમાં કુહાડીથી હુમલો કરાયો

દાહોદ,
ગરબાડા તાલુકાના બોરિયાળા ગામે લગ્નમાં આપેલા નાણાંની બાબતે થયેલ ઝઘડા તકરારમાં મહિલા સહિત બે જણાએ બે વ્યક્તિઓને કુહાડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી શરીરે ઈજાઓ પહોંચાડી ધિંગાણું મચાવતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બોરિયાળા ગામે દીવાનીચાવાડ ફળિયામાં રહેતા ભલાભાઇ જીથરાભાઈ ડામોરે પોતાના જ ગામમાં રહેતા વિજયભાઈ મથુરભાઈ ડામોરને તેના લગ્ન સમયે દોઢ લાખ રૂપિયા આપ્યા હતા. તને તેના બદલામાં વિજયભાઈની જમીન લઈ લીધી હતી. ગત તારીખ ૧૩મી જુલાઇના રોજ આ મામલે બંને પક્ષો વચ્ચે બોલાચાલી થતા ભલાભાઈએ વિજયભાઈને કહેલ કે, તમે જમીન પાછી માંગશો તો તમોને જાનથી મારી નાખીશું, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ભલાભાઇ તથા તેમની પત્ની સીરમાબેને લીલાબેનના હાથના ભાગે કુહાડી મારી હાથ ફેક્ચર કરી નાખ્યો હતો અને મથુરભાઈને ગડદાપાટુનો માર માર્યો હતો. આ સંબંધે વિજયભાઈ મથુરભાઈ ડામોરે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગોધરા નગરપાલિકાના વસુલાત વિભાગના કર્મચારી ભુપેન્દ્રભાઈ પ્રજાપતિનું કોરોનાના કારણે કરૂણ નિધન થયું. નગરપાલિકા ગોધરામાં વસુલાત વિભાગમાં સેવા બજાવતા ૫૪ વર્ષીય ભુપેન્દ્રભાઈ તેઓના સેવા કાળ દરમિયાન કોરોના થી મૃત્યુ થતા પરિવાર ના માથે આભ તૂટી પડ્યું છે. જ્યારે નગરપાલિકા કર્મચારીઓમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ગોધરા તાલુકાના ગોલી ગામે ઘરમાં આગ લાગતા સરસામાન બળીને ખાખ થયું

ગોધરા,
ગોધરા તાલુકાના ગોલી ગામે ઘરમાં પ્રગટાવેલ દિવસે ઉંદર ઘાસ પાસે ખેંચી જતાં મકાનમાં આગ લાગી હતી. આગ લાગતા ઘર માંથી સરસામાન બળી જતાં ૭૫ હજારનું નુકશાન થવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ગોલી ગામે રહેતા નગીનભાઈ નરવતભાઈ ચૌહાણના ઘરમાં માતાજીના ફોટો આગળ દીવો પ્રગટાવેલ હતો. તે ઉંદર ખેંચી ઘાસમાં લઈ જતાં ઘાસ અને લાકડાની પાટ છતમાં આગ લાગી હતી. જેને લઈ ઘરમાં રાખેલ ઘરવખરી અને સરસામાન બળી જતાં ૭૫,૦૦૦/-રૂપીયાનું નુકશાન થતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.